કુછ કર ગુજરને કે લિયે,
મૌસમ નહીં મન ચાહીયે
- પ્રેમચંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૬૧ | ૨૧ ઓગષ્ટ, ૨૦૧૩, બુધવાર; શ્રાવણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રિસર્વેની કામગીરી માર્ચ સુધીમાં પૂર્ણ કરવા તાકીદ

## માપણીનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો : રેકર્ડ આખરી કરવાનું તેમજ મેળવણીની કામગીરીમાં ગતિ લાવવા તાકીદ : પ્રમોલગેશન માટેની કામગીરીમાં પણ આયોજન બદ્ધ આગળ વધવા માટેની સુચનાઓ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના રિસર્વેની કામગીરી માર્ચ-૨૦૧૪ સુધીમાં પૂર્ણ થાય તે આખુય આયોજન કરવા માટે તંત્રને કડક તાકીદ કરવામાં આવી છે.

જિલ્લામાં જમીન માપણીની કામગીરી સંપૂર્ણ પુરી થઈ ગઈ છે. હવે વાંધા-સૂચનો મેળવવાની કામગીરી તેમજ તેના નિકાલ બાદ પ્રમોલગેશનની આખરી કામગીરી કરવાની થાય છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૬ ગામોના પ્રમોલગેશનની કામગીરી આખરી થઈ શકી છે. જેમાં ગાંધીનગરના ૧ અને દહેગામના ૫ ગામનો સમાવેશ થાય છે.

જિલ્લામાં રિસર્વેની કામગીરીમાં સરકારી પડતર, ગૌચર, ભાડાપટ્ટામાં આવતી જમીન, નદી, નાળા, તળાવ જેવી સરકારી જમીનોના શ્રેત્રફળમાં ફેરફાર ના થાય તેની તકેદારી રાખવા માટે પણ ખાસ તાકીદ કરવામાં આવી છે.

પ્રમોલગેશનની કામગીરી માટેનું આયોજન અગત્યનું હોઈ તંત્રના અધિકારીઓને મહિનામાં ૧૦થી ૧૫ જેટલા ગામોનું કામ પૂર્ણ થાય તે રીતે રેકર્ડ આખરી કરી જાહેરનામાની પ્રસિદ્ધિ માટે આગળ વધવા જણાવવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ ૭/૧૨માં ક્ષેત્રફળના સુધારા-વધારા, ભૂલો થયેલ હોય તો તેની સુધારણા માટેની અરજીઓ અરજદાર તરફથી જે રજુ થાય ત્યારે સંબંધિત અધિકારીઓએ પણ તેની ચકાસણી કરી અને જરૂરી અહેવાલ સાથે જિલ્લાકક્ષાએ મોકલવામાં આવે તેવી પણ તાકીદ કરવામાં આવી છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ વધુ નવ ગામોના પ્રમોલગેશન માટેના જાહેરનામા પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યા છે. અને વધુ જેટલા ૨૦ ગામોની દરખાસ્ત તૈયાર કરવામાં આવી રહી છે. જિલ્લાના ૫૦ જેટલા ગામોના પ્રમોલગેશન આગામી બે માસમાં પૂરા કરવાનું આયોજન છે.

જિલ્લામાં રિસર્વેની કામગીરી માટે ઈલેક્ટ્રોનીક ઉપકરણોનો ઉપીયોગ કરવામાં આવ્યો છે. જમીન માપણીની પ્રથમ તબક્કાની કામગીરી પૂરી થઈ ગઈ છે. ૨૮૭ ગામોમાં આ કામગીરી પૂરી થઈ જવા પામી છે. માર્ચ ૨૦૧૧ બાદ આ કામગીરી હાથ દરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લામાં થયેલ રિસર્વેની કામગીરી નમૂનારૂપ થઈ હોવાથી તંત્ર પણ હવે આ આખીય કામગીરી મોડેલરૂપ બની રહે તે માટે પ્રયત્નશીલ છે અને તેથી જ તંત્રએ તેની સમય-મર્યાદામાં વધારો કર્યો છે અને હવે માર્ચ-૨૦૧૪ સુધી આ મુદત લંબાવવામાં આવી છે. આમ હવે જિલ્લાના દરેક ગામના નવા નકશા માર્ચ-૨૦૧૪ સુધીમાં અમલી બની જશે.

## મધ્યાહ્‌ન ભોજન યોજનાના નિરીક્ષણ માટે ચાર અધિકારીઓને જવાબદારી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં મધ્યાહ્‌ન ભોજન યોજનાના અમલીકરણમાં ચાલી રહેલી લાલિયાવાડીની ફરિયાદોથી ચોંકી ઉઠેલા જિલ્લા કલેક્ટરશ્રીએ તંત્રના અધિકારીઓ સામે સખ્ત નારાજગી વ્યક્ત કરી અને ૪ જિલ્લાકક્ષાના અધિકારીઓને યોજનાના સુપરવિઝનની વિશેષ જવાબદારી સોંપી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ પ્રા. શાળાના બાળકો માટે ચાલતી મધ્યાહન ભોજન યોજના માટે જે સ્ટાફ હોવો જોઈએ તેની પણ અછત છે અને તેનું મોનીટરીંગ તેમજ સુપરવિઝન થવુ જોઈએ તે થતુ નહિ હોવાનું સમીક્ષામાં જણાવ્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રીએ શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના અન્વયે પુરૂ પાડવામાં આવતા ભોજનની ગુણવત્તાની ચકાસણી કરવા માટે ખાસ સૂચના આપવામાં આવી છે.

જિલ્લાની પ્રા. શાળાઓમાં ચાલતા મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોની તપાસણી કરવા માટે મામલતદારોને ખાસ સૂચનાઓ આપવામાં આવી છે પરંતુ મામલતદારો કામગીરીના ભારણમાં કેન્દ્રોની મુલાકાત લીધી ન હોવાનું પણ ધ્યાને આવતાં કલેક્ટરશ્રી વધુ ચોંકી ઉઠ્યા હતા. તેમણે આ બાબતે મામલતદારોને આડે હાથ પણ લઈ અને લક્ષ્યાંક મુજબના કેન્દ્રોની મુલાકાત કરી રિપોર્ટીંગ કરવા માટે ખાસ સૂચના આપી હતી.

મળતી વિગતો મુજબ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનાની અમલવારી અંગે સુપરવિઝનની જવાબદારી જિલ્લાના ચાર અધિકારીઓને સોંપવામાં આવી છે અને તેઓ તેમના સુપરવિઝનનો રિપોર્ટ સીધો જિલ્લા કલેક્ટરશ્રીને લેખિતમાં કરશે. આ માટે દર ત્રણ માસે એક રિવ્યુ બેઠક પણ યોજવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર



ભારતીય સંસ્કૃતિમાં પર્વો અને ઉત્સવો એ ફરતી યુનિવર્સીટી છે તેવું વિધાન કવિવર રવિન્દ્રનાથ ટાગોરનું છે. શ્રાવણ માસ એ પણ પર્વો અને ઉત્સવોનો મહિમા ધરાવતો માસ છે. આ માસમાં શ્રાવણી પૂનમનો દિવસ એટલે રક્ષાબંધનનો તહેવાર. આ દિવસે ભાઈને બહેન હેતથી રાખડી બાંધે છે. વૈદિક રાખડીનું વિશેષ મહત્વ હોય છે. તો બ્રાહ્મણો પણ તેમણે ધારણ કરેલ યજ્ઞોપવિતને બદલવાની વિધિ પણ બ્રહ્મમુર્હુતમાં કરતા હોય છે. સમૂહમાં ગાયત્રીમંત્રના જાપ તેમજ વૈદિક વિધિથી આ વિધિ સંપન્ન થતી હોય છે. આજે બ્રહ્મભવન ખાતે આ અંગે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્રહ્મસમાજના આગેવાનો, કાર્યકરો અને બ્રહ્મબંધુઓએ સામુહિક યજ્ઞોપવિત બદલવા ભાગ લીધો હતો. (તસવીર : દિપક જાની)

## રાજ્યમાં આ વર્ષે સામાન્ય કરતા ૪૦ ટકા વધુ વરસાદ

### સિઝનનો ૪૭ ટકા વરસાદ થયો છે : સતત વરસાદ અને વાદળછાયા વાતાવરણથી ખેડૂતોના પાકને નુકશાનની આશંકા : તાપની ગેરહાજરી ચિંતાજનક

અમદાવાદ, તા.૨૦

આ વર્ષે સમગ્ર રાજ્ય ઉપર મેઘમહેર થઈ છે અને મેઘો મન મુકીને વર્ષ્યાં છે. જો કે ખેડૂતો જે વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા હતા તે વરસાદ જ હવે ખેડૂતો માટે આફતરૂપ બની રહ્યો છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં તો દિવસો સુધી સુર્યપ્રકાશની ગેરહાજરીના કારણે કેટલાક પાક નિષ્ફળ જવાની દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે. સતત વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાઈ રહ્યા છે જેના કારણે ચાલુ વર્ષે મોટાભાગના પાકોનું ઉત્પાદનમાં ઘટાડો થાય તેની પણ સંભાવના જાણકારો વ્યક્ત કરી રહ્યા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ચાલુ વર્ષ રાજ્યમાં ચોમાસાની શરૂઆત સામાન્ય કરતા એક સપ્તાહ પહેલા જ થઈ ગઈ હતી. જૂન માસના પ્રથમ સપ્તાહથી શરૂ થયેલ વરસાદ આજ સુધી કુલ ૧૭૦૦ મીમી એટલે સિઝનનો ૯૭ ટકા જેટલો પડી ચૂક્યો છે અને છેલ્લા ૬૦ દિવસોથી સતત વરસાદ પડી રહ્યો છે ગત વર્ષે આટલા સમયમાં ૧૧૩૬ મીમી જ વરસાદ નોંધાયો હતો. એટલે કે ગત વર્ષે કરતા આ ૪૦ ટકા વરસાદ વધુ નોંધાયો છે. જો કે વરસાદ વહેલો શરૂ થવાથી અને ત્યારબાદ સતત ચાલુ રહેવાથી કેટલાક વિસ્તારોમાં ખેડૂતોને વાવેતર માટે જમીન તૈયાર કરવાનો પણ સમય મળ્યો નથી જે ખેડૂતોએ હિમંત કરીને વરાય વગર વાવેતર કરવાની હિંમત કરી હતી જે ખેડૂતોના ખેતરોમાં પાણી ભરાઈ રહેવાના કારણે પાક ઓછો ઉગ્યો છે પરંતુ ફરી વાવેતર કરવાનો ખેડૂતોને સમય જ મળ્યો નથી. તો

કેટલાક વિસ્તારોમાં ખેતરોમાં પાણી ભરાઈ રહેવાથી ખેતરોનો ઉભો પાક કોહવાઈ ગયો છે. આ ઉપરાંત સતત વાદળછાયા વાતાવરણને કારણે પાકની ગુણવત્તા પણ સંતોષકારક જણાઈ રહી નથી. જેની સીધી અસર ઉત્પાદન ઉપર પડે તેવી સંભાવના રહેલી છે. વાદળછાયા વાતાવરણના કારણે સૂર્યપ્રકાશ ઓછો મળવાથી પાકના વિકાસ પર પણ વિપરીત અસર પડી રહી છે. જેનાં કારણે પાકમાં રોગ-જીવાતના પ્રશ્નો પણ ઉભા થવાની શક્યતા રહેલી છે.






## શહેરની પ્રાથમિક શાળાઓનો વિજ્ઞાન મેળો ૨૩મીથી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરની પ્રા. શાળાઓનો વિજ્ઞાન મેળો આગામી ૨૩મી ઓગષ્ટના રોજ સેક્ટર-૬ ખાતે યોજાનાર છે.

મળતી વિગતો પ્રમાણે શહેરની ૩૪ સરકારી પ્રા. શાળા અને ૧૩ જેટલી ખાનગી પ્રા. શાળાઓ દ્વારા આ મેળામાં ૬૦ જેટલી જુદી જુદી વિજ્ઞાનની કૃતિઓ રજુ કરવામાં આવશે. જે ૨૩મીએ બપોર પછી શહેરના નાગરિકોના નિદર્શન માટે ખુલ્લી મુકવામાં આવશે.

આ વિજ્ઞાન મેળામાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેનાર છે. આ માટે સે. ૬ની પગાર કેન્દ્ર શાળા ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.





